ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મંથન ભટ્ટ**
(૧૩-૮-૧૯૮૦) કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ



**સૂર્યકાન્ત બારોટ**
(૧૩-૮-૧૯૩૮) ઉપપ્રમુખ ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૯૯૧૩૩ ૭૭૩૬૧



**ભગવતીપ્રસાદ રાવલ**
(૧૩-૮-૧૯૪૦) પૂર્વ પ્રમુખ અને સલાહકાર, વિસનગરા નાગર પરિવાર
ફોન : ૨૩૨ ૩૦૩૮૨

## પુસ્તક પ્રાપ્તિ

'ગાંધીનગર સમાચાર' દૈનિકને નીચે મુજબનાં પુસ્તકો મળ્યાં છે, જેની સાભાર નોંધ લેવામાં આવે છે.

**જીવન રહસ્ય**
**લેખક : ઓશો**




મૂળ હિન્દીમાં આ જ નામે લખાયેલા પુસ્તકનો ગુજરાતી અનુવાદ ડૉ. પ્રજ્ઞા શાહ દ્વારા કરવામાં આવ્યો છે. ઉપનિષદ ચૅરીટેબલ ટ્રસ્ટ, વડોદરા દ્વારા પ્રકાશિત આ પુસ્તકની કિંમત રૂા. ૧૫૦ છે.

**રાજ લિજેન્ડ્સ ઓફ લેડી એડના**
**લેખક : દામોદર શર્મા**




છેલ્લા અંગ્રેજ શાસક લૉર્ડ માઉન્ટબૅટનનાં પત્ની લેડી એડનાની દૃષ્ટિએ બ્રિટીશ શાસનના ભારતમાં છેલ્લા દિવસો કેવાં હતાં તેની કાલ્પનિક વાત આ પુસ્તકમાં સુંદર રીતે કરવામાં આવી છે. પુસ્તક વાન્ટેજ પ્રેસ, ન્યૂ યૉર્ક દ્વારા પ્રકાશિત છે.

# સાયકલ રેસમાં એમ બી પટેલ સ્કૂલના બે વિદ્યાર્થીઓ વિજેતા

ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં શહેર ખાતે યોજાયેલી સાયકલ રેસમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના બે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા છે.

આ અંગેની માહિતી આપતાં પ્રિન્સીપાલ અર્પિત ક્રિશ્ચિયને જણાવ્યું છે કે આ સ્પર્ધામાં છોકરાઓના વિભાગમાં ધોરણ-૧૨, સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી હરેશ ભવાનીએ પ્રથમ તથા છોકરીઓના વિભાગમાં ધોરણ-૯ની વિદ્યાર્થીની પ્રાચી મોદીએ બીજા ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. વિદ્યાર્થીઓને શૈલેષ પ્રજાપતિનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી સ્પર્ધામાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# નગરના હિન્દી લેખક ગુલાબચંદ પટેલ હિન્દી શિબિર માટે પસંદગી પામ્યા



ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદના નિવૃત્ત ઑફિસ સુપ્રિટેન્ડન્ટ, સિનિયર સિટીઝન, હિન્દી-ગુજરાતી કવિ-લેખક તેમજ વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા સૅક્ટર-૧૪, ગાંધીનગરના રહેવાસી ગુલાબચંદ એન પટેલની ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયના ઉપક્રમે ત્રિપુરા (અગરતલા) ખાતે આયોજિત હિન્દી લેખકોની શિબિરમાં ભાગ લેવા માટે પસંદગી કરવામાં આવી છે. આગામી તા. ૫ ઑક્ટોબરના રોજ આ શિબિર યોજાશે.

ઉલ્લેખનીય છે કે તેઓ દાર્જિલીંગ, પુના, કેરળ અને હરદ્વાર ખાતે આ પ્રકારની શિબિરોમાં ભાગ લઈ ચૂક્યા છે.

# સૅક્ટર-૮ વસાહત મંડળના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૨

સૅક્ટર-૮ વસાહત મંડળની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે નિલેશભાઈ જે પટેલ, ઉપપ્રમુખ પ્રણવ એચ ઠક્કર, મહામંત્રી વિરેન્દ્ર ડી જાદવ, ખજાનચી અંબાલાલ વણકર, સંગઠન મંત્રી મંગળદાસ કે પટેલ, સહમંત્રી શંકરલાલ વસાવા ઉપરાંત કારોબારી સભ્ય તરીકે રાજેશ ડી મોદી, રમેશભાઈ બી પટેલ, હિદાયત પઠામ, આશિષભાઈ બ્રહ્મભટ્ટ તથા જિજ્ઞેશ દેસાઈની વરણી કરવામાં આવી હતી.

# સ્વ. ઘનશ્યામસિંહ વાઘેલાનાં ચક્ષુઓનું દાન કરાયું

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લાના કોલવડા ગામના નિવાસી સ્વ. ઘનશ્યામસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાનું ગઈકાલે દુખદ અવસાન થતાં તેમના કુટુંબીજન અમરસિંહ વાઘેલાની સંમતિથી સ્વર્ગસ્થનાં ચક્ષુઓનું દાન જુનિયર સિટિઝન કાઉન્સીલ, ગાંધીનગર દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્ય માટે તબીબ ડૉ. મિતુલ પટેલ તેમજ સંસ્થાના કાર્યકર સનીભાઈ વાઘેલાએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી તથા ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બૅન્ક (સિવિલ હૉસ્પિટલ) સુધી પહોંચાડવાનું સેવાકાર્ય સુકેતુ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરનાં ગૌરવ પારૂલ પરમારે બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો




ગાંધીનગર, તા. ૧૨

સોલો, ઇન્ડોનેશિયા ખાતે તાજેતરમાં આયોજિત પેરા બેડમિન્ટન ઇન્ટરનેશનલ ગેમ્સ-૨૦૧૫માં ગાંધીનગરની ખ્યાત ખેલાડી પારૂલ પરમારે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. પારૂલે સિંગલ્સમાં આ મેડલ જીત્યો હતો. ભારત સરકાર દ્વારા 'અર્જુન ઍવોર્ડ' અને ગુજરાત સરકાર દ્વારા 'એકલવ્ય' ઍવોર્ડથી સન્માનિત પારૂલ ગુજરાત પોસ્ટલ સર્કલની કર્મચારી છે, જેની ભરતી સ્પોર્ટ્સ ક્વોટા પર ૧૯૯૩માં કરવામાં આવી હતી. ત્યારથી પારૂલ વિવિધ સ્પર્ધાઓમાં ગુજરાત પોસ્ટલ સર્કલનું પ્રતિનિધિત્વ કરે છે. ૧૩ જેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પણ તેણીએ સર્કલનું નેતૃત્વ કર્યું છે.

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા ખાતે મૉનસૂન ફેસ્ટીવલની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૨

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા ખાતે મૉનસૂન ફૅસ્ટીવલની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ-શિક્ષકો અને વાલીઓના સહિયારા પ્રયાસોથી આ ફૅસ્ટીવલમાં મૉનસૂન થીમ ઉપર આધારિત વિવિધ ડાન્સ યોજવામાં આવ્યા હતા. ઉપરાંત મૉનસૂન થીમ પર ખાણીપીણીના વિવિધ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય વાત એ છે કે ખાણીપીણીના સ્ટોલ્સ પર જે રકમ એકત્રીત થઈ તે શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓની સહાય માટે ચૅરીટેબલ ટ્રસ્ટમાં આપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ રીતે બાળકોમાં સેવાકીય પ્રવૃત્તિનાં બીજ રોપવાનો ઉમદા પ્રયાસ શાળાએ અને વિદ્યાર્થીઓના વાલીઓએ કર્યો. શાળાના પ્રિન્સીપાલ અને સ્ટાફ દ્વારા અંગત રસ લઈને આ મૉનસૂન ફેસ્ટીવલને સફળ બનાવવામાં આવ્યો હતો.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા સ્વતંત્રતા પર્વની વિશિષ્ટ ઉજવણી





ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં ૬૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના સંદર્ભમાં એક ચિત્ર સ્પર્ધાનું આયોજન શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાની સંલગ્ન શાળાઓ તથા કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત કૉલેજના વિદ્યાર્થીઓએ ભારતના રાષ્ટ્રધ્વજની થીમ પર ક્લાસરૂમ શણગાર્યો હતો.

તદુપરાંત ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઍસ કે પટેલ બિલ્ડીંગની લોનમાં ભારતનો રાષ્ટ્રધ્વજ બનાવ્યો હતો તથા આગામી સ્વતંત્રતા દિવસ નિમિત્તે દેશ અને સમાજના વિકાસ માટેના શપથ લીધા હતા. કાર્યક્રમના અનુસંધાને કૉલેજના ફિઝીકલ ઍજ્યુકેશનના અધ્યાપક ડૉ. રણછોડ રથવીએ 'વંદે માતરમમ્‌ને માત્ર રાષ્ટ્રભક્તિના ગીત તરીકે ન લેતાં, તેમાં ઉલ્લેખાયેલા આદર્શો અને સંકલ્પોને આપણા નિત્ય સાથે જોડવાનો વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. અધ્યાપક સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે 'યુવાશક્તિએ અસત્ય, ભ્રષ્ટાચાર અને આતંકવાદના મુદ્દે લડત આપવા આગળ આવવું જોઈએ.'

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
મિશન ઇમ્પોસીબલ (હિન્દી)
૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
બેંગીસ્તાન - સવારે ૯.૧૫
દૃશ્યમ - ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
મિશન ઇમ્પોસીબલ (હિન્દી)
૧૦.૦૦, ૬.૪૫
બેંગીસ્તાન - ૧૨.૪૫
બજરંગી ભાઈજાન - ૩.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ - સવારે ૧૦.૦૦
બાહુબલિ - ૧.૦૫, ૭.૧૦
બેંગીસ્તાન - ૪.૨૫, ૧૦.૩૦

**ખીમજી વિસરામ હોલ**

માહિતી કમિશનરશ્રીની કચેરી દ્વારા પ્રસ્તુત કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટ્ય શો : સમર્પણ એટલે સન્નારી. બપોરે ૧.૩૦ કલાકે

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દૃશ્યમ - ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બેંગીસ્તાન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
બાહુબલિ - ૭.૦૦

**સ્ક્રીન-૩**
મિશન ઇમ્પોસીબલ (હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
મિનશ ઇમ્પોસીબલ (અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
દૃશ્યમ - સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦, ૯.૪૫
જાંનિસાર - ૪.૧૫
મસાન (એ) - ૭.૧૫

**સ્ક્રીન-૫**
બેંગીસ્તાન
સવારે ૧૦.૦૦, ૭.૦૦
દૃશ્યમ - ૧૨.૧૫
બિન રોયે - ૩.૪૫
બાહુબલિ - રાત્રે ૧૦.૦૦

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નવા અંદાજમાં શિક્ષક દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ખાતે કાર્યરત શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓ આ વખતે શિક્ષક દિવસ પોતાની આ શાળામાં ઉજવવાનું નિશ્ચિત કર્યું છે.

કાર્યક્રમ અંતર્ગત આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ સૅક્ટર-૨૩ ગુરુકુળના સત્સંગ ભવન ખાતે બપોરે બે કલાકથી સાંજના સાત સુધી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ગોષ્ઠિ ચાલશે, સાંજે ૭ વાગ્યે આરતી અને ત્યારબાદ ૭.૩૦ કલાકે ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ કાર્યક્રમ અંગેની વધુ માહિતી માટે ચિરાગ બારોટ - ૯૬૩૮૮ ૭૭૨૬૬, ચિરાગ ચાવડા -૮૧૪૧૭૮૮૯૯૯, દેવાંગ પટેલ- ૯૮૨૫૩ ૦૬૧૪૪, સંદિપ વખારીયા - ૯૪૦૯૨ ૮૫૬૩૦ અથવા કિશોર માતરીયા -૯૮૯૮૦ ૬૨૯૦૧નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# લાયનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા માનસિક વિશિષ્ટ બાળકોને સ્નેહભોજન




ગાંધીનગર, તા. ૧૨

લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા મોટા ચિલોડા (પ્રાંતિયા) ખાતે કાર્યરત સ્મૃતિવિકાસ શાળાનાં માનસિક વિશિષ્ટ બાળકોને ક્લબનાં પૂર્વ પ્રમુખ શોભાબેન શાહના જન્મદિન નિમિત્તે સ્નેહ ભોજન કરાવવામાં આવ્યું હતું.

વિશિષ્ટોને તૃપ્તિના આ સેવાકાર્યમાં પ્રમુખ વૈશાલી જોષી, પૂર્વ પ્રમુખ શોભાબેન શાહ, મીનાબેન ત્રિવેદી તથા સૅક્રેટરી દક્ષા યાદવ અને ક્લબના અન્ય સભ્યો સક્રિય રીતે જોડાયા હતા.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ઍનઍસઍસ યુનિટ દ્વારા ઈન્ટરનેશનલ યુથ ડે ઉજવાયો



# વિદ્યાર્થીઓએ માનવસાંકળ રચી હજારથી વધુ પત્રિકાઓનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા. ૧૨

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા ઈન્ટરનેશનલ યુથ ડેની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી.

૧૮ જેટલા સ્વયંસેવકોએ કૉલેજના દરેક કલાસમાં ઍચઆઈવી-એઈડ્સ, સ્વચ્છતા અને વૃક્ષારોપણ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું તથા અડધો કિમી સુધી માનવ સાંકળ રચી હતી તથા ગુજરાત રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટીના સહયોગથી વિવિધ બૅનર્સ અને પોસ્ટર્સ સાથે ૬ હજાર કરતાં પણ વધુ પત્રિકાઓનું વિતરણ પણ કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઍનઍસઍસના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું, જેને સફળ બનાવવા માટે ધરતી જાદવ, જયવીરસિંહ વાઘેલા, કુલદિપ જાદવ, અંજલી પટેલ જેવા સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વિનયન વિદ્યાશાખા પ્રત્યે ઉદાસીન વલણ

## માનવવિદ્યા પ્રવાહ કે કલા વગર કોઈપણ સમાજને ચાલવાનું નથી, ત્યારે વિનયન વિદ્યાશાખા પ્રત્યે સમાજ અને સરકારે ઉદાસીન વલણ ખંખેરવું રહ્યું






વિનયન વિદ્યાશાખા પ્રત્યે સરકાર અને પ્રજા બંનેનું વલણ ઉદાસીન થતું જાય છે. આ બાબતે બારમા ધોરણનું પરિણામ પણ ઓછું આવવાને કારણે કૉલેજોમાં સંખ્યાનો પ્રશ્ન હરકોઈને સતાવી રહ્યો છે. જાણવા મળ્યું છે એ પ્રમાણે ગુજરાતી વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. એટલે, ભાષાની તો અવદશા જ બેઠી છે. સામાન્ય રીતે એક મત એવો પ્રવર્તી રહ્યો છે કે વિનયન વિદ્યાશાખામાં સ્નાતક થયા પછી શું કે અનુસ્નાતક થયા પછી શું ? આજે રોજગારીના પ્રશ્નો પણ એટલા જ વિકટ થતા જાય છે ત્યારે આ પ્રશ્ન પણ વ્યાજબી છે કે પછી શું ?

આ પ્રશ્નનો ઉત્તર આ વખતની યુપીઍસસીની પરીક્ષાનાં પરિણામે આપ્યો છે. યુપીઍસસીની પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી અનિલ ધામેલિયાએ મુખ્ય વિષય ગુજરાતી રાખ્યો હતો. ગુજરાતમાં પ્રથમ વીસ વિદ્યાર્થીઓમાંથી દસ વિદ્યાર્થીઓએ યુપીઍસસીની પરીક્ષામાં મુખ્ય વિષય ગુજરાતી રાખ્યો હતો. બીજા વિદ્યાર્થીઓમાંથી પણ ઘણાબધાએ વિનયન વિદ્યાશાખાના સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન કે ઈતિહાસ જેવા વિષયો રાખ્યા હતા. આ બતાવે છે કે વિનયન વિદ્યાશાખાના કોઈપણ વિષય સાથે તમે ઊંડો અભ્યાસ કરો તો દેશની સર્વોચ્ચ પરીક્ષામાં તમે ઊજળું પરિણામ લાવી શકો છો.

આપણે ત્યાં શાળાકીય અભ્યાસ દરમ્યાન જ કલાઓ કે માનવવિદ્યા પ્રવાહ વિશે જે રૂચિ વિદ્યાર્થીઓની ઘડાવી જોઈએ એ ઘડાતી નથી. ભાષા શીખવાનો વિષય નથી, એ તો આવડતી જ હોય છે અથવા તો ભાષામાં શીખવાનું શું ? આવી માનસિકતાને કારણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાઓની આપણે સતત અવગણના કરી છે અને એનું સ્તર એકદમ નીચું લાવી દીધું છે. શાળાકીય અભ્યાસ દરમિયાન જ વિદ્યાર્થીની ભાષા પ્રત્યે રૂચિ ઘડાય એવું વાતાવરણ ઊભું થતું નથી. એને કારણે બારમા ધોરણના સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓ સૌથી વધારે ભાષામાં નાપાસ થતા જોવા મળે છે. વિદ્યાર્થીએ જ્યારે ભાષા શીખવાની હતી ત્યારે એની અવગણના કરવામાં આવી અને પછી જ્યારે પરિણામ સામે આવ્યું ત્યારે રડવા બેઠા. આ પ્રકારના વલણનો કોઈ અર્થ સરતો નથી. ભાષા ગોખણપટ્ટીનો નહીં પણ શીખવાનો વિષય છે એ માનસિકતા નહીં કેળવાય ત્યાં સુધી પરિણામ તો આવું જ આવવાનું !

વિનયન વિદ્યાશાખાની કૉલેજોમાં પણ આ જ સ્થિતિ છે. સંખ્યા દિવસે ને દિવસે ઘટતી રહી છે. શાળાકીય અભ્યાસ દરમ્યાન રાખેલું ઉદાસીન વલણ આગળ જતાં કૉલેજો માટે સમસ્યારૂપ બને છે. એક બાજુ માનવવિદ્યા પ્રવાહના વિષયોમાં ઓટ આવી રહી છે, વિનયન વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે તો બીજી બાજુ સરકાર આડેધડ નવી કૉલેજો તાલુકા કક્ષાએ શરૂ કરી રહી છે. તાલુકે તાલુકે નવી કૉલેજો શરૂ થવાને કારણે વિદ્યાર્થીઓને સ્થાનિક કક્ષાએ અભ્યાસની સગવડ ઉભી થઈ પણ અગાઉથી સ્થાયી થઈ ગયેલી કૉલેજોનું શું ? આવકાર્ય બાબત તો એ રહી હોત કે જ્યાં લાંબા અંતર સુધી કૉલેજો ન હોય તે વિદ્યાર્થીઓએ ખરેખર દૂર સુધી અભ્યાસ માટે જવું પડતું હોય તો નવી કૉલેજો શરૂ થાય. વળી, નવી કૉલેજો શરૂ કરવી એટલે શું ? એક મકાન ઊભું કરી દેવું એટલું જ ? અધ્યાપકોની કાયમી ભરતી તો ઘણા વખતથી બંધ છે ત્યારે આ નવી કૉલેજોમાં અધ્યાપન કરાવશે કોણ ? ઓછા પગાર અને નોકરીની અસલામતી સાથે અધ્યાપન કરાવનાર અધ્યાપક ગુણવત્તાને કેટલું મહત્ત્વ આપશે ? માનવવિદ્યા પ્રવાહ કે કલા વગર કોઈપણ સમાજને ચાલવાનું નથી, ત્યારે વિનયન વિદ્યાશાખા પ્રત્યે સમાજ અને સરકારે ઉદાસીન વલણ ખંખેરવું રહ્યું.